


જીવન સરગમ

બિન્દુબેન કચરા

# એક ખત મમ્મી કે નામ

**આ**જના વોટ્સએપ અને ઈમેલના કટ, પેસ્ટ, ડિલિટના સમયમાં પત્રલેખનની કળા ભુલાતી જાય છે પરંતુ એમાં જે લાગણી અને પ્રેમ વ્યક્ત કરી શકાય છે તે બીજે ક્યાંય થઈ શકતું નથી. વળી પત્ર એ કાયમી સંભારણું પણ છે. સ્નેહભર્યું સંભારણું- ‘મા’- ‘હેપ્પી મધર્સ ડે’

મારી વ્હાલી મમ્મી

પ્રણામ- કુશળ હશો.

આજે મધર્સ ડે, તને કયા શબ્દોથી નવાજું? જ્યારે જગત આખું જખમો લઈને તમને આવકારે છે ત્યારે એક વ્યક્તિ હાથમાં મલમ લઈને સતત ખડી હોય છે- જગત આખું અંધારુંભર્યું હોય ત્યારે આપણને કેડી બતાવવા એક જણ દીવો લઈને જાગતું હોય છે. ઘોંઘાટ ભરેલી જિંદગીમાં આપણા એકાંત હૃદયના ખૂણામાં કોઈક મધુર ટહુકતું હોય છે. આપણે ક્યાંક પણ હોઈએ, આપણી ચિંતા જેના હૃદયમાં ધબકતી હોય છે... એવી એક વ્યક્તિ સૌના ઘરના ખૂણામાં જીવિત છે. શાયદ આજ લગી આપણે એને પિછાણી શક્યા નથી.. એ વ્યક્તિ એટલે સૌના ઘરનું ધબકતું હૃદય-મન--‘મા.’ મારી વ્હાલી મા- મા તારા એક જ અક્ષરમાં મહાસાગર જેવી મીઠાશ છલકે છે. કારણ માતૃવાત્સલ્યનો ‘રીમોટ’તો ‘મા’તારા જ હાથમાં હોય! મા એટલે ‘ચિત્કાર અને ‘ચમત્કાર’! વાત્સલ્ય પાસે બોલવાની કળા નથી હોતી. શિશુને સ્તનપાન કરાવતી મા તું એટલે મૃદુલ સ્પર્શનું મહાકાવ્ય...!

‘મા’આજે ‘મધર્સ ડે.’તારો દિવસ અને હું તને યાદ ન કરું એવું બને?! મારે માટે તો દરરોજ જ મધર્સ ડે છે. આજે મારી દીકરી એક વર્ષની થવા આવી છે. ત્યારે ‘મા’શબ્દની સાચો અનુભૂતિ શી છે તે જાણી ચૂકી છું.

મા પોતાની દીકરી માટે અનુભવનો એક મહાસાગર છે, જે વાતો આપણને સમજાતી નથી તે મા બહુ જ સરળતાથી આપણને સમજાવી દે છે એક પ્રેમાળ સખીની જેમ છતાં જ્યારે તે નાની એવી વાતમાં ટોકે છે ત્યારે તે ગમતું નથી. મા, તારી સાથે ઘણી વાર આ કારણસર ઝઘડો પણ થઈ જતો પરંતુ માતા બન્યા પછી હવે સમજાય છે કે માની ચિંતા પાછળ કેટલી મમતા છુપાયેલી છે.

આ એક વર્ષમાં મેં તને કંઈ કેટલીયે વાર યાદ કરી છે, એટલા માટે નહીં કે તું અહીં મારી પાસે હોત તો મુન્નીની દેખભાળ કરત કે મારી મદદમાં આવત. બલકે એટલા માટે કે જો તું અહીં હોત તો હું એ તમામ વાતો બદલ તારી માફી માગત. જેના માટે હું તારા પર કદીક ગુસ્સે ભરાતી કે પછી તારી મજાક ઉડાવતી. હવે મને સમજાય છે કે લગ્ન પછી શરૂઆતના દિવસોમાં તું મને રોજ ફોન કરીને પૂછતી કે હું કેમ છું? હું બરાબર જમી કે નહીં? સાસરે મને બરાબર ફાવે છે કે કેમ? હું હસીને કહેતી- ‘‘શું મા, તું પણ! હું કંઈ દુનિયાની પહેલી તો એવી છોકરી નથી જે સાસરે આવી હોય, નાની નાની વાતોમાં આવી ચિંતા શું કરવાની?’’

એ બધું તો મને ત્યારે સમજાયું જ્યારે હું માતા બની, બારીમાંથી હવાની નાની સરખી યે લહેર જો આવે તો હું તરત જ મુન્નીને શાલમાં લપેટી દઉં છું. રખે ને એને ઠંડી લાગી જાય. રાત્રે કેટલીય વાર મારી ઊંઘ ઊડી જાય છે- આ વિચારથી  કે મુન્નીનું ઓઢવાનું ખસી તો નથી ગયું ને...! હવે મને એ ચિંતા સતાવે છે કે મુન્નીને હું કઈ સ્કૂલમાં ભણવા મોકલીશ? તે સ્કૂલે જશે પછી હું કેટલી એકલી પડી જઈશ? હવે મને સમજાય છે કે મને રાત્રે પાછા ફરતાં જરા પણ મોડું થઈ જતું ત્યારે તું આટલી ચિંતાતુર કેમ થઈ જતી. મને યાદ છે, એક વાર રાત્રે મારી સખી પિયુને ઘરેથી પાછા ફરતાં મને થોડું મોડું થઈ ગયું હતું ત્યારે તું રિક્ષામાં બેસીને જાતે ત્યાં આવી પહોંચી હતી અને ચિંતાથી અડધી થઈ ગઈ હતી ત્યારે હું તારી પર ખૂબ ગુસ્સે થઈ હતી, મારી પાછળ



અહીં લગી દોડી આવી? દુનિયામાં શું તું જ એક માત્ર મા છે? શું બીજી બધી માતા આ રીતે ચિંતાતુર થઈ જતી હશે? ત્યારે તે ખૂબ જ શાંત સ્વરે મને કહ્યું હતું. ‘‘માને સંતાનની કેવી ચિંતા સતાવે છે, એ તો જ્યારે મા બનીશ ત્યારે જ તને સમજાશે અને સમજાયું. મા એ કેવળ સગપણ નથી સમર્પણનું દર્પણ છે, નિર્વ્યાજ કર્તવ્ય અને સ્વાર્થરહિત પ્રેમનું પ્રતીક છે. મા, તું અત્યારે ભાઈ સાથે અમેરિકામાં છે કારણ કે તેને તારી જરૂર છે પરંતુ મને પણ તારી જરૂર છે. તને મળવા, તારી સાથે વાતો કરવા, તારી માફી માંગવા હું તડપી રહી છું. હવે હું જાણી ચૂકી છું કે માના હૃદયમાં સંતાન માટે કેવી સતત ચિંતા રહેતી હોય છે. ગર્ભધારણ કરવાની સાથે જ ભાવિ માતાને પોતાના સંતાનની ચિંતા સતાવવા લાગે છે. મને જ જુઓ ને... સિઝેરિયન વખતે મેં ડૉક્ટરનો હાથ પકડીને કહ્યું હતું કે ‘‘મને ભલે ગમે તે થઈ જાય પણ જો જો, મારા બાળકને જરા પણ આંચ ન આવે.’’

મમ્મી! હું જ્યારે પણ મુન્નીને મારી ગોદમાં લઉં છું ત્યારે મને તું અચૂક યાદ આવે છે. મને પણ તારી ગોદમાં માથું મૂકીને સૂઈ જવાનું મન થાય છે અને મનમાં થાય છે માતા અને મૃગજળ ઝટ સમજાતાં નથી. મૃગજળ નથી છતાં સામે જ દેખાય છે, ‘મા’ સતત સામે છે છતાં ઓળખી શકાતી નથી પણ મમ્મી હવે મેં જાણ્યો ‘મા’ હોવાનો અર્થ. મને મારી જાત ઉપર ગુસ્સો આવે છે કે શા માટે હું તને સતાવતી હતી? તારું કહ્યું ન માની, તારી સાથે કાયમ લડતી હતી? મા, હવે મને તે સમજાઈ ચૂક્યું છે. માની મમતા કેવી હોય તે હવે જ મેં જાણ્યું- મા એ દીકરીની સહુથી નિકટની વ્યક્તિ છે. મા-દીકરી વચ્ચેનો સંબંધ અનોખો, અપ્રતિમ છે, મારા જેવી ‘મા’હોવાનો અર્થ ત્યારે જ જાણી શકે છે જ્યારે તે પોતે મા બને છે. તારી લાડલી તારો પ્રેમભર્યો સ્પર્શ પામવા આતુર છે. મા તું અમેરિકાથી જલદી પાછી આવી જા. મા તું એવું ફૂલ છે જે ક્યારેય કરમાતું નથી, માતા તું એવું ફૂલ છે કે તારી સુંગધ ક્યારેય ઓસરતી નથી. મા તું એવું શિલ્પ છે કે જેને ક્યારેય શિલ્પકારની જરૂર નથી પડતી- મા તારું માતૃત્વ એક એવો કીમિયો છે જે કથીરનું કંચન અને પોખરાજનો હીરો કરવાની શક્તિ ધરાવે છે. તેથી જ કહેવાયું છે- ‘જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.’ મકરંદ દવેના શબ્દોમાં- ‘હાડ હાડમાં હેતભર્યું, જેને વેણ વેણ વરદાન.

દેખ, ઘેર ઘેર બિરાજે ભૂતલમાં ભગવાન.

મા તારા જેવું છત્ર અને છાંયડો બીજે ક્યાંય નથી.  મા તને મારી એક જ વિનંતી છે તું જલદીથી આવી અમને વહાલના અમીરસ પા. જેથી અમે તૃપ્ત થઈએ. સાથે મા મને ખાતરી  છે કે તે મને મારી બેવકૂફીઓ અને મારી નાદાન હરકતો બદલ ક્યારની ય માફ કરી દીધી હશે છતાં આજે ફરી ફરીને માફી માંગું છું. તું મને માફ કરી દેશે ને મા...!

મધર્સ ડેની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...!

લિ. તારી લાડલીના કોટિ કોટિ વંદન-પ્રણામ

## સુવર્ણરજ

‘માસે બઢકર કુછ નહિ
કયા પૈસા ક્યા નામ
ચરણ ધુએ ઔર હો ગયે
તીરથ ચારોં ધામ.